# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૩૭ તા.૨૭-૦૧-૨૦૨૨

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- સ્કૂલ બોર્ડ થીમ સોન્ગની રચના કરવા બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદની સ્થાપનાને ૧૦૦ વર્ષ કરતા વધુ સમય થયેલ છે. નગર પ્રા.શિ.સમિતિનો ગૌરવશાળી ઈતિહાસ છે. મ્યુનિ. શાળાઓમાં પૂજય મહાત્મા ગાંધીજી, ભારતના લોખંડી પુરૂષ પૂજય સરદાર વલ્લભભાઈ પટેલ, તત્કાલિન ગુજરાતના મુખ્યમંત્રી તથા વર્તમાન વડાપ્રધાન આદરણીય શ્રીમાન નરેન્દ્રભાઈ મોદી સાહેબ જેવા મહાનુભાવોએ શાળાની મુલાકાત લીધેલ છે અને કન્યા કેળવણીની સાથે-સાથે મ્યુનિ. શાળાના બાળકોને ગુણવત્તાયુકત, જીવનોપયોગી વ્યવસાયલક્ષી શિક્ષણ મળે તે માટે હિમાયત કરેલ છે. મ્યુનિ. સ્કૂલ બોર્ડની શાળાઓમાં ૧૦૦ વર્ષ કરતાં વધારે સમયના ઈતિહાસમાં કરોડો વિદ્યાર્થીઓએ અભ્યાસ કરી દેશ અને ગુજરાતને અનેક વીરસપૂતો આપેલ છે. વળી, સામાજિક,શૈક્ષણિક, રાજકીય,કલા-કૌશલ્ય,સાંસ્કૃતિક,ખેલકુદ, યોગ જેવા નામાંકિત ક્ષેત્રોમાં યોગદાન આપી શકે તેવા વિદ્યાર્થીઓનું જીવનઘડતર પણ આપણી મ્યુનિ. શાળાઓમાં થયેલ છે. આવા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના જીવનઘડતરમાં મહત્વનું અને પાયાનું યોગદાન મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓ અને શિક્ષકશ્રીઓનું રહેલ છે. આવી અનેક બાબતોને ધ્યાનમાં રાખીને હવે પછી મ્યુનિ. શાળાઓમાં યોજાતા શૈક્ષણિક અને જાહેર કાર્યક્રમની શરૂઆત મ્યુનિ. સ્કૂલ બોર્ડના થીમ સોંગથી કરવાની વિચારણા ચાલી રહી છે. તેને ધ્યાનમાં રાખીને આ વખતના ૨૦૨૨-૨૩ અંદાજપત્રમાં રૂ.૫ લાખની જોગવાઈ કરેલ છે. આથી સૌ સારસ્વત મિત્રોને 'સ્કૂલ બોર્ડ થીમ સોંગ'ની રચના કરવા માટે આમંત્રિત કરવામાં આવે છે. ઉત્તમ થીમ સોંગની રચના કરનાર શિક્ષકને નોંધપાત્ર રકમ ઈનામ સ્વરૂપે આપવાની વિચારણા પણ છે. જેથી આ દિશામાં આપની શાળાના તમામ શિક્ષકો સાથે મળી દરેક શાળા અંદાજે ૨ થી ૩ મિનિટમાં ગાઈ શકાય તેવું અને આશરે ૮૦ થી ૧૦૦ શબ્દોમાં રચિત એક સ્કૂલ બોર્ડ થીમ સોંગની રચના કરી તમારા ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રીને દિન-૧૦માં રજુ કરવા સૌને આમંત્રિત કરું છું.

તા.૨૭-૦૧-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઈ

શાસનાધિકારી